# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-08-2025 Day: Friday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : જિલ્લા વિકાસ અધિકારીઓ, જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થા નિયામકોની પરિષદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યાંકને ગ્રામ્ય સ્તર સુધી સાકાર કરવામાં જિલ્લા વિકાસ અધિકારીઓની ભૂમિકા પાયાની અને મહત્વની હશે. ગાંધીનગરમાં જિલ્લા વિકાસ અધિકારીઓ-જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થાના નિયામકોની એક દિવસની સંયુક્ત પરિસદની અધ્યક્ષતા કરતાં શ્રી પટેલે આ વાત કહી. તેમણે કહ્યું, ગ્રામીણ જનજીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવનારી કલ્યાણ યોજનાઓના અમલથી જનસેવા અને અંત્યોદય ઉત્થાનની મોટી જવાબદારી જિલ્લા વિકાસ અધિકારીઓને મળી છે.

દરમિયાન શ્રી પટેલે ગામની વસાહતી જમીન એટલે કે, ગામતળને કાયદેસર રીતે મંજૂરી આપવાની પ્રક્રિયા અને પ્લૉટ ફાળવણી પ્રક્રિયાને વધુ સરળ બનાવતા ડિજિટલ પ્લેટફૉર્મનો પણ પ્રારંભ કરાવ્યો.

------------------------------------------------------------------------------------------

## મિશન સ્કૂલ ઓફ એક્સલેન્સ- બીજો તબક્કો

રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત શાળાઓને માળખાકીય સુવિધા માટે 10 લાખથી દોઢ કરોડ રૂપિયા સુધીની આર્થિક સહાય અપાશે. મિશન સ્કૂલ ઑફ એક્સલેન્સના બીજા તબક્કા હેઠળ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સહાયનો નિર્ણય કરાયો છે. વર્ષ 2025-26ના શૈક્ષણિક વર્ષથી પાંચ વર્ષ માટે આ નિર્ણયનો અમલ કરાશે.

તે મુજબ, શાળાઓને ખૂટતા વર્ગખંડ બાંધકામ, વિશિષ્ટ ખંડોના નિર્માણ, નવા શૌચાલય માટે જગ્યા, પીવાના પાણીની સુવિધા, દિવ્યાંગ વિદ્યાર્થી માટે જરૂરી સુવિધાઓ માટે 80 ટકા રકમ રાજ્ય સરકાર અને 20 ટકા રકમ શાળા મંડળ ચૂકવશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## માછીમારોને 11 ઓગસ્ટથી ડિઝલ વિતરણ

રાજ્યના માછીમારોને 11 ઑગસ્ટથી હોડી માટે ડિઝલ વિતરણ કરાશે. મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે કહ્યું, બંદરો પર સર્જાતા ટ્રાફિકને ધ્યાને લઈ નવી મોસમ શરૂ થાય તેના પાંચ દિવસ પહેલા માછીમારોને ડિઝલ આપવાનો નિર્ણય કરાયો છે. આ માટે માછીમાર સંગઠનોએ સરકારને રજૂઆત કરી હતી.

---

## મુખ્યમંત્રી : ખેતી બેન્ક

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્યની તમામ સહકારી બૅન્કે સમગ્ર દેશમાં ઉદાહરણરૂપ કામ કર્યું છે. તેમણે ખેતી બૅન્કને રાજ્યના ખેડૂતો માટે વિશ્વાસનું પ્રતીક ગણાવી. ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅન્ક લિમિટેડ – ખેતી બૅન્ક દ્વારા યોજાયેલા ઋણ સ્વીકાર કાર્યક્રમમાં શ્રી પટેલે ખેતી બૅન્કને છેલ્લા ત્રણ વર્ષથી શૂન્ય ટકા બિન-કાર્યક્ષમ સંપત્તિ-NPA માટે પણ અભિનંદન પાઠવ્યા.

---

## આંગણવાડીની બેહનો દ્વારા સાડા ત્રણ લાખ રાખડીઓ સરહદી દળોના જવાનોને મોકલાઇ

દેશની સરહદ પર સુરક્ષા કરતા જવાનોની રક્ષા માટે રાજ્યની 53 હજાર જેટલી આંગણવાડીની બહેનોએ સાડા ત્રણ લાખથી વધુ રાખડી મોકલી છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સરહદી દળોના જવાનોને રાખડી કળશ સુપરત કરાયો. રાજ્યની "એક રાખી દેશ કે જવાનો કે નામ" પહેલને ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.

રાજ્યની આંગણવાડીની બહેનોએ મોકલેલી રાખડીઓનો રક્ષાસૂત્ર કળશ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં જવાનોને અર્પણ કર્યો. ભારતીય સેના, સરહદ સુરક્ષા દળ- BSF, કેન્દ્રીય અનામત પોલીસ દળ- CRPF અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- NDRFના ગાંધીનગર સ્થિત જવાનોએ સહર્ષ આ રક્ષાસૂત્ર કળશનો સ્વીકાર કર્યો.

---

## સ્વતંત્રતા દિનની ઉજવણી અંતર્ગત શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ

૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંતર્ગત વિવિધ શાળાઓમાં રંગોળી સ્પર્ધા, રાખડી બનાવટ કવીઝ સ્પર્ધા મહેંદી સ્પર્ધા નિબંધ અને ચિત્ર જેવી પ્રવૃત્તિઓનું આયોજન થઈ રહ્યું છે. વિદ્યાર્થીઓમાં દેશભક્તિની સાથે સ્વચ્છતાની ભાવના વિકસે તે હેતુથી વિદ્યાર્થીઓ હોંશભેર ભાગ લઈ રહ્યા છે.

આગામી સમય માં તમામ ગામ માં શાળઓ દ્વારા તિરંગા યાત્રા નું સુંદર આયોજન થયેલ છે. જિલ્લા કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર અને તેમની ટીમ સંકલન કરી રહી છે.

---

## નારી વંદન સપ્તાહ દરમિયાન મહિલાઓને રોજગાર મેળાનું આયોજન

કચ્છ જિલ્લામાં તા. ૧ થી ૮ ઓગસ્ટ સુધી નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત મહિલા બાળ વિકાસ વિભાગના ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા મહિલા બાળ અધિકારીની કચેરી અને રોજગાર કચેરી તેમજ શ્રી

શ્રધ્ધા મહિલા વિકાસ ટ્રસ્ટ-ભુજના સંયુક્ત ઉપક્રમે “મહિલા સ્વાવલંબન દિવસ”ની ઉજવણી અન્વયે મહિલા રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલાઓને રોજગાર અને સ્વ રોજગાર મળી રહે તે માટે વિવિધ કંપનીઓ અને ઘરે બેસીને કામ આપી શકે તેવા નોકરી દાતાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત લોન અને તાલીમ આપતા વિવિધ સરકારી વિભાગો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ રોજગાર મેળામાં વ્હાલી દિકરી યોજનાના કુલ ૫ મંજુરી હુકમ તેમજ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના ૫ હુકમ વિતરણ કરવામાં આવ્યા હતા. મેળામાં રોજગાર મળી રહે તે માટે કુલ ૫૨૨ લાભાર્થીઓ હાજર રહ્યા હતા. જે પૈકી વિવિધ કંપનીઓમાં કુલ ૧૮૧ લાભાર્થીઓની પ્રાથમિક ધોરણે પસંદગી કરવામાં આવી હતી.

---